## સફળ વાર્તા

**વિષયલક્ષી ક્ષેત્ર :**

# મગની ખેતીથી વધુ ઉત્પાદન

**શ્રી નવીનભાઈ બારીયા**

**ગામ : નવાપુરા, તા. બોડેલી જિ – વડોદરા**

**મો.નં. ૯૮૨૫૭૨૫૧૯૩**



### વિગત

**ઉંમર** : ૪૫ વર્ષ

**શિક્ષણ** : ૧૦ પાસ

**જમીન** : ૩ હે.

**ખેતીનો અનુભવ** : ૨૦ વર્ષ

**પાકની વિગત** : કપાસ, મગફળી, ડાંગર ઘઉં

**પશુધન** : ૨ ભેંસ, ૨ બળદ

**સામાજિક ઓળખ** : પ્રગતિશીલ ખેડૂત

### નવા અભિગમની વિગત

છોટાઉદેપુરજિલ્લાના બોડેલી તાલુકાના નવાપરા ગામના ખેડૂતશ્રી નવીનભાઈ બારીયા પરંપરાગત રીતે ઘઉ, ડાંગરની ખેતી કરતા હતા. જેમાંથી વધારે આવક મેળવી શકતા નહતા. તેમને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, મંગલભારતી ધ્વારા ઉનાળું મગની ખેતી વિશે માહિતી આપવામાં આવી. જે મુજબ તેમણે ૪ વીઘા વિસ્તારમાં મેહા મગની ખેતી શરૂ કરી. જેમાંથી તેમને ૬૦૦૦૦ થી ૬૫૦૦૦ જેટલી આવક મળી. જેમાંથી ખર્ચ બાદ કરતાં રૂા. ૫૦૦૦૦ જેટલો ચોખ્ખો નફો મળવાપાત્ર થયો. તેમજ તેમના મત પ્રમાણે મગની ખેતી કરવાથી જે તે જમીનની ફળદ્રુપતામાં વધારો થતાં એ પછીના ચોમાસુ પાકનું ઉત્પાદન પણ વધારે મળ્યું.

શ્રી નવીનભાઈ ની મગની ખેતીની સફળતાથી પ્રેરાઈને આ ગામના અન્ય ૨૦ ખેડૂતોએ મગની ખેતી શરૂ કરી તેમજ તેમની આવકમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો.

### નવા અભિગમની ઉપયોગિતા :–

મગની મેહા જાત યલો મોઝેક(YVM)(પીળીયો)ના રોગ સામે પ્રતિકારકતા ધરાવતી હોવાથી ગુણવતાસભર ઉત્પાદન મળે છે. તેમજ મગની ખેતી કરતા ખેડૂતોમાં તેની માંગ વધવા પામી છે. જમીનની પ્રતમાં પણ સુધારો થયેલ જોવા મળેલ છે.

| વર્ષ | ઉત્પાદન / કિ.ગ્રા/હે. | આવક / હે. | ખર્ચ / હે. | ચોખ્ખો નફો |
|---|---|---|---|---|
| ૨૦૧૧–૧૨ | ૧૦૫૦ | ૬૩૦૦૦ | ૧૫૫૮૦ | ૪૭૪૨૦ |
| ૨૦૧૨–૧૩ | ૧૧૬૦ | ૬૯૬૦૦ | ૧૬૩૪૦ | ૫૩૨૬૦ |



